

પાંચભાવમાં જે શુદ્ધ પારિણામિક પરમભાવ તે મોક્ષસ્વરૂપ જ છે; તે તો પ્રથમથી જ મુક્તસ્વરૂપ વિદ્યમાન છે. એવું મુક્તસ્વરૂપ નિષ્ક્રિય વિદ્યમાન ધ્રુવતત્ત્વ તે જ હું છું—એમ દૃષ્ટિમાં સ્વીકાર આવતાં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક પર્યાય પ્રગટે છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૪ / સં. ૨૦૫૦ (૬૦૩) ✻ આત્મધર્મ ✻ (અંક-૭ / વર્ષ-૫૦) વીર સં. ૨૫૨૦ / જાન્યુઆરી, ૧૯૯૪

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* જેના ગર્ભાવતરણ પહેલાં સર્વોત્કૃષ્ટ રિદ્ધિનો સ્વામી ઇંદ્ર બે કર જોડી પૂર્ણ વિનીત પરિણામે કિંકરની જેમ જેને વંદન કરે છે, વળી જે મહાન આત્મા યુગસ્રષ્ટા છે, ચક્રવર્તી જેવા જેના બારણે પનોતા વિશિષ્ટ પુણ્યવાન પુત્ર છે, એવા શ્રી આદિનાથ સ્વામીએ ક્ષુધાવંતપણે પૃથ્વી વિષે ઘેર ઘેર આહાર અર્થે પરિભ્રમણ કર્યું. અહો ! વિધાતા ( કર્મ )નો વિલાસ ખરેખર આશ્ચર્ય પમાડે છે, અતિશય અલંઘ્ય, કોઈથી મટાડી શકાય નહિ એવો મહા સમર્થ છે. ( ૩૬૭ )

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૯ )

* પોતે કરેલાં કર્મનાં ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે, બીજું કોઈ ( સ્ત્રી-પુત્ર-મિત્રાદિક ) સુખ-દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે ( માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી-પુત્ર-મિત્રાદિક ) ધૂતારાની ટોળી તને મળી છે. ( ૩૬૮ )

( શ્રી સોમદેવ, યશસ્તિકલચંપૂ, અધિકાર બીજો, શ્લોક-૧૧૯ )

* ઘેલા લોકો તને ઘેલો-ગાંડો કહે તો તેથી તું ક્ષુબ્ધ થઈશ મા, લોકો ગમે તેમ બોલે, તું તો મોહને ઊખેડીને મહાન સિદ્ધિનગરીમાં પ્રવેશ કરજે. ( ૩૬૯ ) ( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૪૩ )

* પૈસા, કુટુંબ, હાથી, ઘોડા, રાજ્ય તો પોતાના કામમાં આવતાં નથી પણ સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે–જે પ્રાપ્ત થયા પછી અચળ રહે છે. તે સમ્યગ્જ્ઞાનનું કારણ આત્મા અને પરવસ્તુઓનું ભેદવિજ્ઞાન કહ્યું છે; તેથી હે ભવ્ય જીવો ! કરોડો ઉપાયો કરીને તે ભેદવિજ્ઞાનને હૃદયમાં ધારણ કરો. ( ૩૭૦ ) ( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૪, શ્લોક-૬ )

* મૈં એક ચૈતન્યમયી હૂં, ઔર કુછ અન્યરૂપ કભી નહીં હોતા હૂં. મેરા કિસી ભી પદાર્થસે કોઈ સંબંધ નહીં હૈ યહ મેરા પક્ષ પરમ મજબૂત ઐસા હી હૈ. ( ૩૭૧ )

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, એકત્વસપ્તતિ, શ્લોક-૫૪ )

કહાન સંવત-૧૪
વર્ષ-૫૦
અંક-૭
[ ૬૦૩ ]




વીર સંવત ૨૫૨૦
સં. ૨૦૫૦
JAN.
A. D. 1994

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ત્રિકાળ મુક્ત-સ્વરૂપમાં બંધ-મોક્ષ નથી

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૬ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૬૫મી ગાથા છે.

ભગવાન તીર્થંકર સર્વજ્ઞદેવ એમ કહે છે કે, નિશ્ચયનયથી ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ છે અર્થાત્ આદિ અને અંત વિનાનું અણકરાયેલું અનાદિ અનંત સામાન્ય ગુણસ્વરૂપ ધ્રુવ તત્ત્વ છે.

આ જરાં ઝીણી વાત છે કેમકે, અનંતકાળમાં કદી એણે 'આત્મા શું છે ?' એવી દૃષ્ટિ કરી નથી. તેથી ખુલાસો કરીને કહેવાય છે.

સર્વજ્ઞદેવ કહે છે કે, હે જીવ ! બંધને અને મોક્ષને જીવોના કર્મ જ કરે છે, આત્મા કાંઈ પણ કરતો નથી. આમ નિશ્ચયનય કહે છે અર્થાત્ નિશ્ચયનયથી ભગવાને આમ કહ્યું છે કે, બંધ અને મોક્ષ કર્મજનિત છે, કર્મના યોગથી બંધ થાય છે અને કર્મના વિયોગથી મોક્ષ થાય છે.

સર્વજ્ઞભગવાન કેવા છે ? કે, જેણે એક સમયમાત્ર સૂક્ષ્મકાળમાં ત્રણકાળ અને ત્રણલોકને જોયા છે—પ્રત્યક્ષ જાણ્યા છે એવા ભગવાનની વાણીમાં એમ આવ્યું કે, ભાઈ ! નિશ્ચય નામ સત્ય તત્ત્વથી જોઈએ તો એ તત્ત્વ બેહદ જ્ઞાન-દર્શનમય તત્ત્વ છે તે પોતે કર્મને બાંધે કે કર્મને છોડે એવું તેનું સ્વરૂપ નથી.

ઝીણી વાત છે ભાઈ ! સાંભળો. ભગવાન શું કહે છે--વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે કદી સાંભળ્યું નથી, સાંભળ્યું હોય તો બેઠું ન હોય કે આ આત્મા ખરેખર અનંત આનંદમય તત્ત્વ છે.

નવતત્ત્વમાં સિદ્ધનું જેવું પર્યાયમાં મોક્ષસ્વરૂપ છે તેવું જ જીવતત્ત્વનું કાયમી વસ્તુસ્વરૂપ છે. વસ્તુ પોતે કર્મને બાંધે કે કર્મને છોડે એવું તેનું સ્વરૂપ જ નથી. વસ્તુ પોતે એક સમયની દશામાં આવતી નથી, એ તો અનાદિ અનંત અકૃત્રિમ સચ્ચિદાનંદ તત્ત્વ છે. આવા તો અનંત આત્માઓ છે તે કોઈ આત્મા પોતાની એક સમયની દશામાં આવતા નથી. આવા સ્વતત્ત્વના લક્ષ વગર એક સમયની દશામાં પર-સન્મુખની દૃષ્ટિથી એક અંશના લક્ષે ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ તે પણ કર્મ છે. આ ભાવકર્મ છે અને તેનાથી જડકર્મો બંધાય છે.

વસ્તુ પોતે પરમસ્વરૂપ પરમાત્મા જ છે. જો વસ્તુ જ પૂરી ન હોય તો તો પર્યાયમાં પૂર્ણતા આવે જ નહિ. જેમ, લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ છે તો તેને ઘસવાથી બહાર આવે છે, જો વસ્તુમાં જ શક્તિ ન હોય તો પ્રગટ ક્યાંથી થાય? અંદરમાં જે શક્તિઓ પડી હોય તે જ બહાર આવે છે. ભગવાન આત્મામાં વસ્તુમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનાદિની શક્તિ છે તો તેમાંથી અરિહંત અને સિદ્ધદશા પ્રગટ થાય છે. વસ્તુ પોતે અનંતગુણનું નિધાન છે, ખાણ છે પણ તેની અંતરદૃષ્ટિ નહિ કરતાં અનાદિથી જીવે વર્તમાન અંશમાં પર તરફ જ દૃષ્ટિ કરી છે. વર્તમાનદશામાં પોતાના ત્રિકાળી સ્વભાવનું લક્ષ નહિ કરતાં પર ઉપર દૃષ્ટિ કરીને એણે વિકાર ઉત્પન્ન કર્યો છે, તેનાથી કર્મ બંધાય છે અને એ કર્મના ઉદયથી જીવ ચારગતિમાં રખડે છે ને નવા કર્મ બાંધે છે અને કર્મના અભાવથી તે મુક્ત થાય છે. આમ કહીને કર્મથી જીવ બંધાય છે અને કર્મથી મુક્ત થાય છે, વસ્તુ તો ત્રિકાળ મુક્ત જ છે એમ કહેવું છે.

અહો ! ભગવાન તીર્થંકરદેવે કહેલો આવો ત્રિકાળ મુક્તસ્વરૂપ આત્મા છે તેને એણે અનંતકાળમાં એક સેકંડ પણ દૃષ્ટિમાં લીધો નથી. બાકી તો બધું કરી ચૂક્યો છે પણ એક આત્માને દૃષ્ટિમાં લીધો નથી. પૂર્વે અહીં ભગવાન બિરાજતાં હતાં, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ઈન્દ્રો આદિ સભામાં સાંભળવા આવતાં હતાં તેમની હાજરીમાં ભગવાન આમ ફરમાવતાં હતાં અને વર્તમાનમાં પણ મહાવિદેહમાં સીમંધરાદિ વીશ ભગવંતો આમ ફરમાવે છે કે પ્રભુ! નિશ્ચયનયે તું મુક્તસ્વરૂપ જ છો, આ ચારગતિનું બંધન અને બંધનનો અભાવ તારા સ્વરૂપમાં નથી. પર્યાયનયે બંધન અને મુક્તિ છે પણ વસ્તુમાં નથી.

જેમ આ ધૂળ-જાડી માટી છે તેમ કર્મ એ જડ પુદ્ગલની ઝીણી ધૂળ છે.

માટે તેને 'રજ' કહેવાય છે અને પુણ્ય-પાપના વિકલ્પને મળ કહેવાય છે. આ રજ અને મળથી જે રહિત થઈ ગયા છે તે ભગવાન છે. લોગસ્સમાં विहूय रयमला આવે છે તેનો આ અર્થ છે. અર્થની અને વસ્તુની ખબર વિના મુખપાઠ બોલી જવાથી કાંઈ સિદ્ધિ નથી. વિહૂય એટલે વિશેષે અને રજ એટલે આઠ કર્મ અને મલ એટલે વિકારીભાવથી વિશેષ પ્રકારે જે રહિત થયા છે એવા ભગવાનને નમસ્કાર.

અયથાર્થસ્વરૂપ અર્થાત્ અસદ્ભૂત વ્યવહારનયથી જ્ઞાનાવરણાદિ આઠકર્મોના બંધને જીવ કરે છે તથા અશુદ્ધનિશ્ચયનયથી રાગાદિ ભાવકર્મને જીવ કરે છે તથા દ્રવ્યકર્મ તથા ભાવકર્મથી મુક્ત પણ જીવ થાય છે તો પણ શુદ્ધપારિણામિક પરમભાવના ગ્રહણ કરવાવાળા શુદ્ધનિશ્ચયનયથી જીવ બંધ તથા મુક્તિને કરતો નથી. જીવ તો બંધ અને મુક્તિથી રહિત છે એમ ભગવાને કહ્યું છે.

આ તો અંતરની વાતો છે, જીવે કદી સાંભળી નથી એવી વાતો છે માટે ધ્યાન રાખીને સમજજો. ભગવાન વાસ્તવિક રીતે આત્માનું સ્વરૂપ કેવું કહે છે એ તેણે કદી સાંભળ્યું નથી. એક આત્માનું સમ્યગ્જ્ઞાન જીવે કર્યું નથી. એ સિવાય બીજું તો બધું કરી ચૂકયો છે. શુભભાવ પણ એટલા કર્યા છે કે, તેના ફળમાં અનંતવાર સ્વર્ગમાં ગયો પણ જન્મ-મરણનો અંત ન થયો. અનેકવાર રાજા થયો, શેઠિયો થયો, ધૂળ એવા ધનનો સ્વામી થયો પણ ભગવાન આત્માની શ્રદ્ધા અને જ્ઞાન અનંતકાળમાં કદી ન કર્યા.

અનાદિકાળથી જીવને આઠકર્મ સાથે વ્યવહારે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, વાસ્તવિક સંબંધ નથી એ બધી વાત આ એક ગાથામાં કહી દીધી છે. પણ આ વાત અત્યારે તો ચાલતી જ નથી. લોકો તો જેમ ધંધામાં હરિફાઈ કરે છે તેમ ધર્મના બહાને ક્રિયાકાંડ કરીને તેમાં હરિફાઈમાં ચડી ગયા છે. ભગવાન વસ્તુનું સ્વરૂપ શું કહે છે, તેને કોની સાથે શું સંબંધ છે, કયાં કારણે તે રખડે છે તેનો કોઈ વિચાર જ કરતું નથી.

ભગવાન કહે છે, પ્રભુ! તું તો વસ્તુસ્વરૂપે અનંત બેહદ જ્ઞાન, આનંદનો કંદ છો. તારાં સ્વરૂપના અજ્ઞાનથી અનાદિથી તારે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી આઠ જડકર્મો સાથે સંબંધ છે. અનુપચરિત એટલે નજીકના સંબંધમાં, અસદ્ભૂત એટલે પરસત્તાવાળા જડકર્મો સાથે વ્યવહાર નામ જૂઠી નયથી જીવને સંબંધ થયો છે. સ્ત્રી, પુત્ર, ધનાદિનો સંબંધ તો દૂરનો છે તેના કરતાં આઠકર્મો તો જીવની સાથે એક ક્ષેત્રાવગાહ હોવાથી નજીક છે પણ એ જડ-માટી-ધૂળ છે અને આત્મા પોતે ચૈતન્ય છે. તે બેને ખરેખર સંબંધ કયાંથી હોય! બંનેની જાત જ જુદી છે. પરંતુ રાગાદિ

વિકાર તો જીવના વર્તમાન અંશમાં જ છે માટે તેની સાથે જીવને અશુદ્ધ નિશ્ચયનયથી સંબંધ છે.

કર્મના રજકણો જીવના ત્રિકાળ સ્વરૂપમાં તો નથી પણ વર્તમાન અંશમાં પણ નથી માટે તેની સાથે તો અસદ્‌ભૂત જૂઠી નયથી સંબંધ કહ્યો છે પણ પુણ્ય-પાપના વિકલ્પોની અશુદ્ધતા તો જીવની દશા નામ વર્તમાન અંશમાં છે તેથી તેની સાથે પર્યાયદૃષ્ટિએ નિશ્ચય સંબંધ છે પણ તે અશુદ્ધ છે માટે અશુદ્ધ-નિશ્ચયનયથી સંબંધ કહ્યો છે.

વેપારમાં પૈસા કમાવા માટે મજૂરી કરીને મરી જાય છે પણ આ સ્વરૂપ સમજવામાં મહેનત કરવી ગમતી નથી. વેપારમાં તો મજૂરી એટલે રાગ-દ્વેષ અને સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે તે જ મજૂરી છે બાકી પૈસા પેદા કરવા તે કાંઈ તેના હાથમાં નથી. જડવેપારની વ્યવસ્થા જડથી થાય છે આત્મા તેમાં કાંઈ કરી શકતો નથી. આત્મા તો સંકલ્પ-વિકલ્પના હિંડોળે હીંચકે છે.

જુઓ ! આ ગાથા બહુ અલૌકિક છે. આમાં તો પરમાત્માનો પ્રકાશ છે.

શુભ-અશુભભાવની વૃત્તિઓ ઉઠે છે તે ભાવકર્મ છે. જીવની પર્યાયમાં થતાં ભાવો હોવા છતાં તે મળ હોવાથી તેને ભાવકર્મ કહેવાય છે. તે પર્યાયનું કાર્ય છે, દ્રવ્યનું કાર્ય નથી. દ્રવ્યવસ્તુમાં પર્યાય નથી, દ્રવ્ય તો દ્રવ્ય જ છે તેમાં વિકાર નથી, પર્યાયમાં વિકાર થાય છે.

જે છે તે સત્ છે, સત્ છે તે અનાદિ અનંત છે. જીવ એક સત્ છે તેમાં બેહદ જ્ઞાન, દર્શન, વીર્યાદિ ગુણો રહેલાં છે તે તેનું સત્વ છે તેની વર્તમાનદશામાં કર્મનો સંબંધ છે, પણ કર્મો ભિન્નપણે રહ્યા હોવાથી તેની સાથે સંબંધ કહેવો તે અસદ્‌ભૂત વ્યવહારનય છે અને જીવની પર્યાયમાં આ પુણ્યથી અને તેના ફળથી મને મજા છે, વિકલ્પથી મને ઠીક છે એવો જે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ છે તે પોતાના અંશમાં હોવાથી તેની સાથે જીવને નિશ્ચયસંબંધ કહ્યો છે અને તે ભાવ મલિન હોવાથી તેને અશુદ્ધ નિશ્ચયનયથી જીવનો કહ્યો છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમા ભાગમાં પૂર્ણઘન આનંદકંદ વસ્તુ છે. તેનો અનાદર કરીને શુભાશુભરાગનો પ્રેમ કરે છે તેમાં તારાં જીવતરનો ઘાત થાય છે. આ હું નહિ, આ હું નહિ એવા જીવતરના ઘાતમાં અનંતકાળ ગયો. અનંતકાળમાં કદી એણે દ્રવ્ય તરફનું લક્ષ અને ધ્યેય કર્યું નથી. પર્યાય તો ક્ષણ પૂરતી છે. ભલે સિદ્ધની પર્યાય હો તે પણ સમયે સમયે નવી થાય છે. જ્યારથી સિદ્ધ થાય ત્યારથી

સમયે સમયે નવી નવી સિદ્ધપર્યાય થયા કરે છે. માટે તો કહ્યું છે કે, આત્મામાં અનંતા પરમાત્મા રહેલા છે. આત્માની આવી અનંતતાની અજ્ઞાનીને ખબર જ નથી.

આવા બેહદસ્વભાવથી પૂર્ણ આત્મતત્ત્વનો આદર નહિ કરતાં વર્તમાન અંશમાં, અંશનો આદર કર્યો તે મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ અશુદ્ધનિશ્ચયનયથી જીવમાં છે પણ શુદ્ધનિશ્ચયનયથી તે જીવમાં નથી. 'શુદ્ધ નિશ્ચય એટલે શુદ્ધ સત્' તેનું સ્વરૂપ જાણ્યા વિના જીવે ચોરાશીના અવતારમાં કોઈ અવતાર બાકી રાખ્યો નથી એટલા અવતાર કરી લીધાં છે. એ વાત પછી કહેશે.

ભગવાન! આ ભગવાન તને તારી વાત કરે છે. સાંભળ તો ખરો! સમવસરણ—ધર્મસભામાં દિવ્યધ્વનિમાં ભગવાન આમ ફરમાવતાં હતાં કે, પ્રભુ! તું પૂર્ણસ્વરૂપે ભગવાન છો. તેનો તેં આદર ન કર્યો અને એક સમયની પર્યાયના લક્ષમાં ઊભો રહીને તેં મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા છે. આ એક સમય નામ સૂક્ષ્મકાળમાં ઊભો થયેલો વિકાર છે. તેની સાથે તારે અશુદ્ધનિશ્ચયથી સંબંધ છે કેમકે તે તારી પર્યાયની અસ્તિમાં ઊભો થયેલો ભાવ છે.

બાપુ! તું કોણ છો! તારી ભૂલ કેટલા કાળની છે! ભૂલ કેટલી છે! તેનો તેં કદી વિચાર જ કર્યો નથી. ખરેખર તો તું અશુદ્ધ નિશ્ચયથી થયેલો વિકાર અને કર્મના સંબંધ વિનાનો છો. વસ્તુથી તું પૂર્ણ જ છો પણ વર્તમાન પર્યાયમાં વિકલ્પ ઊભો કરી, એ વિકલ્પ જ મારું સ્વરૂપ છે એવી મિથ્યાદૃષ્ટિથી વિકારનો સંબંધ થયો છે. તે અશુદ્ધ નિશ્ચયનયથી છે અને તેના નિમિત્તે બંધાયેલા કર્મોનો સંબંધ તો જીવની પર્યાયમાં પણ નથી માટે તે અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવના કહેવાય છે ખરેખર તે જીવના સ્વરૂપમાં નથી.

આ સમજવું જીવોને અઘરું પડે છે અને એમ. એ. અને એલ. એલ. બી.ની ડીગ્રી મેળવી હોય તો એ બધું શીખે પણ એનાથી તારું હિત નહિ થાય ભાઈ! એ તો બધું અજ્ઞાન છે. એનાથી પૈસા મળશે એમ માને છે પણ પૈસા તો પૂર્વના પુણ્યથી મળે છે, પૂર્વના પુણ્ય ન હોય તો ભણી-ભણીને મોટો બેરિસ્ટર થાય તો પણ પૈસા ન મળે.

પ્રશ્નઃ—મોટાભાગે તો ભણેલાંને પૈસા મળે જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—ભણતરથી ધૂળેય પૈસા ન મળે. એ તો પૂર્વે પુણ્યના રજકણ બાંધેલા હોય તેના પાકકાળે એવી સોગઠી ગોઠવાય જાય કે પાંચ-પચાશ લાખ કે કરોડ-બે કરોડ રૂપિયા મળી જાય છે. તે મારાં પુરુષાર્થથી મળ્યાં છે એમ કહેનારા

મૂઢ તો બેવડું પાપ બાંધે છે. એક તો પૈસા કમાવાનો રાગ છે તે પાપ છે અને તે પૈસા પોતાના પુરુષાર્થથી મળે છે એમ માનીને ભેગું મિથ્યાત્વનું પાપ બાંધે છે.

આ વીતરાગના રસ્તા જ જુદાં છે. દુનિયા સાથે તેનો મેળ ખાય તેમ નથી.

પૈસા તો જડ છે તે તો જીવના થતાં નથી પણ તેની મમતા થાય છે તે જીવની પર્યાયમાં છે માટે જીવની સાથે તેને અશુદ્ધનિશ્ચયનયથી સંબંધ છે પણ જડ કર્મોની સાથે તો જૂઠી નયે સંબંધ માત્ર કહેવામાં આવે છે. ખરેખર કાંઈ સંબંધ નથી. તો પછી દુકાન, બાયડી-છોકરાં તો ઘણાં દૂર રહી ગયા. માટે તેનો જીવની સાથે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી સંબંધ કહેવાય છે. ઉપચરિત એટલે દૂરનો સંબંધ છે, અસદ્‌ભૂત એટલે પોતાની પર્યાયથી ભિન્ન છે અને વ્યવહાર એટલે નિમિત્ત સંબંધ છે, વાસ્તવિક સંબંધ નથી.

શરીર પણ જીવથી તદ્દન ભિન્ન છે માટે તેની અવસ્થા કેમ થવી તેની સાથે જીવને સંબંધ નથી, શરીરની અવસ્થા જીવને આધીન નથી. અજીવતત્ત્વની અવસ્થા જીવતત્ત્વ કરી શકતું હોય તો અજીવ સ્વતંત્ર રહેતું નથી.

ભાઈ! શરીર તો ધૂળ છે તે તારાં તત્ત્વમાં નથી. કર્મની ધૂળ પણ તારાં તત્ત્વમાં નથી. એ તો બધાં ભિન્ન રહેલાં અજીવ તત્ત્વો છે. તારાં તત્ત્વની એક સમયની અવસ્થામાં પુણ્ય-પાપના મેલા ભાવ એક સમય પૂરતાં સત્ છે તેનાથી તને બંધન છે અને તેનાથી મુક્તિ થઈ શકે છે. આમ પર્યાયમાં બંધન અને મુક્તિ છે, વસ્તુમાં બંધન અને મુક્તિ નથી.

આ દ્રવ્ય અને પર્યાય એ વીતરાગ માર્ગના મૂળ એકડાં છે તેને સાંભળ્યા અને સમજ્યા વગર ધર્મ થાય તેમ નથી. વીતરાગે કહેલાં તત્ત્વો સંતોએ સહેલાં કરી દીધાં છે તેમાં ક્યાંય ગડબડ નથી. જેના જ્ઞાનમાં ત્રણકાળ અને ત્રણલોક ભાસ્યા છે તેની વાણીમાં તત્ત્વની જે સ્પષ્ટતા આવી છે તેમાં ક્યાંય ગડબડ હોય જ નહિ.

જેમ જડકર્મો સાથે અસદ્‌ભૂતનયે સંબંધ હતો તે છૂટતાં મુક્તિ થાય છે તે પણ અસદ્‌ભૂત વ્યવહારનયથી છે અને પુણ્ય-પાપભાવ સાથે અશુદ્ધ નિશ્ચયનયથી સંબંધ હતો તે છૂટતાં મુક્તિ થાય છે તે અશુદ્ધનિશ્ચયનયથી છે. વીતરાગનું કહેલું તત્ત્વ બહુ ગૂઢ છે. સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાતનો મેળ ત્રણ લોકમાં બીજા કોઈ સાથે થાય તેમ નથી. કોઈ પંથ કે કોઈ પક્ષ સાથે તે વાત ન મળી શકે.

વસ્તુ અનાદિ-અનંત ધ્રુવ તત્ત્વ છે તેમાં આ બે પ્રકાર કહ્યાં છે. પુણ્ય-પાપરૂપ મલિનભાવનો સંબંધ એક સમયની અવસ્થામાં છે અને જડકર્મોનો સંબંધ

અસદ્‌ભૂત અનુપચરિત વ્યવહારનયથી છે, એ જ નયથી તેની મુક્તિ કહી છે કેમ કે, નિશ્ચયનયથી તો પરમાત્મામાં બંધનું થવું કે બંધનું મુકાવું છે જ નહિ તેથી અશુદ્ધ નિશ્ચયથી રાગનું બંધન છે તેનું મુકાવું એટલે રાગથી છૂટવું તે પણ અશુદ્ધ નિશ્ચયનયથી જ છે ખરેખર તો અશુદ્ધ નિશ્ચયનય તે વ્યવહાર જ છે. કર્મોથી છૂટવું તે અસદ્‌ભૂત વ્યવહારથી છે. જે નયથી બંધન કહ્યું હતું તે જ નયથી મુક્તિ કહેવાય છે. નિશ્ચયથી દ્રવ્યસ્વભાવમાં બંધન અને મુક્તિ નથી એ વાત અહીં સિદ્ધ કરવી છે. ભલે બંધનથી મુક્ત થવામાં દ્રવ્યનો આશ્રય છે પણ દ્રવ્યમાં બંધ અને મુક્તિ નથી.

ભાઈ! ત્રિકાળી વસ્તુસ્વભાવમાં જો બંધ હોય તો તો વસ્તુનો જ અભાવ થઈ જાય અને વસ્તુસ્વભાવમાં મુક્તિ થવી એ પણ નથી કેમ કે, વસ્તુ મુક્ત થાય એટલે શું વસ્તુ મુક્ત હતી નહિ? અને નવી મુક્તિ થઈ! વસ્તુ તો અનાદિ-અનંત છે તે નવી ન થાય. વસ્તુની એક સમયની પર્યાયમાં બંધ છે અને એક સમયની પર્યાયમાં મુક્તિ છે, વસ્તુમાં બંધ અને મુક્તિ છે જ નહિ.

અહીં તો સંસાર અને મુક્તિ બંનેને વ્યવહારમાં ગણ્યાં છે ભાઈ! તું ભગવાન જેવડો જ મોટો પદાર્થ છો. ભગવાનની વસ્તુમાં અને તારી વસ્તુમાં કાંઈ ફેર નથી. માત્ર હાલતમાં ફેર છે તે વ્યવહાર છે. પરમાર્થે વસ્તુમાં કાંઈ ફેર નથી.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એકલો ચૈતન્યપ્રકાશનો પુંજ છે. તેની એને ખબર નથી એટલે એક સમયની દશામાં મિથ્યાત્વભાવ ઊભો થયો છે તે ભાવકર્મ છે અને તેનું નિમિત્ત પામીને નવા જડકર્મો બંધાય છે તે દ્રવ્યકર્મ છે આ બંને બંધ છે અને તેનાથી મુક્તિ થાય છે પણ શુદ્ધ નિશ્ચયનયથી વસ્તુ તો જે છે તે છે.

ખરેખર તો ભગવાન આત્માના વસ્તુસ્વરૂપનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટ થાય છે તે પણ ભેદરૂપ છે માટે વ્યવહાર છે, આમ મોક્ષમાર્ગ પણ વ્યવહાર છે. આ દ્રવ્ય અને પર્યાયની વાત છે. નિશ્ચય-વ્યવહારની વાત નથી. પર્યાય છે તે વ્યવહારનયનો વિષય છે અને દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. વ્યવહાર તે એક અંશ છે, સિદ્ધદશા પણ અંશ છે, ત્રિકાળીસ્વરૂપ નથી. સંસાર અને મોક્ષ બંને દશા છે, સંસાર તે વિકારીદશા છે અને મોક્ષ તે પૂર્ણ નિર્વિકારીદશા છે, હાલત છે અને વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ છે તેના ઉપર થયેલી આ બે પ્રકારની પર્યાય છે.

અહો! આવો ભગવાન આત્મા! કદી ઉત્પાદ-વ્યયમાં આવતો નથી-કદી પલટતો નથી-સહજ સ્વભાવે રહેલો છે. ભગવાને જગતમાં છ દ્રવ્ય જોયા છે જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ છ પ્રકારના દ્રવ્યો છે તે દરેકમાં

એક સેકંડના અસંખ્યમા ભાગમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ થાય છે. એટલે કે, નવી અવસ્થા થાય, જૂની અવસ્થા જાય અને વસ્તુ ધ્રુવ ટકી રહે એવું વસ્તુનું સ્વરૂપ ભગવાને જોયું છે.

ભાઈ! આ તો જૈનધર્મ એટલે વીતરાગમાર્ગ છે. પરમેશ્વરના ઘરનો-પરમેશ્વરને પ્રાપ્ત કરવાનો આ માર્ગ છે. પોતાના પરમેશ્વરને પ્રાપ્ત કરવાનો આ માર્ગ છે.

વસ્તુ-આત્મા શુદ્ધ પારિણામિક પરમભાવ છે તેને ગ્રહણ કરવાવાળા શુદ્ધનિશ્ચયનયથી આત્મા બંધ અને મોક્ષને કરતો નથી. બંધ અને મોક્ષ તે અપરમભાવ છે, એક સમયની દશા છે, એક સમયની દશામાં જ બંધ એટલે કે મલિનતા છે અને તેના અભાવરૂપ નિર્મળતા તે પણ દશા છે. કેવળજ્ઞાન તે પણ નિર્મળદશા છે, ત્રિકાળી ચીજ નથી. કેવળજ્ઞાનમાં ત્રણકાળનું જાણવું થાય છે પણ કેવળજ્ઞાન પોતે એક સમયની દશા છે. બીજા સમયે બીજી અને ત્રીજા સમયે ત્રીજી એમ તે દશા પલટયા કરે છે.

હવે આવી વાત છે તે સાંભળીને ઘરે જાય તો ઘરના પૂછે કે શું સાંભળી આવ્યા? તેને શું કહે! વાર્તા હોય તો તો કહી દેવાય કે કાંઈ વ્રત, તપ, ત્યાગની વાત હોય તો કહેવાય પણ આવી વાત કેમ કહેવાય! અહીં તો કહે છે વસ્તુના સ્વરૂપમાં શું છે અને શું નથી તેની ખબર વગર તું ત્યાગ શેનો કરીશ? સ્વભાવના ભાન વગર ત્યાગ કરવા જાય છે તે પોતાનો જ ત્યાગ કરે છે, તેની દૃષ્ટિમાં સ્વભાવ આવતો નથી.

આ ગાથા તો મિથ્યા અભિપ્રાયને હલબલાવી નાખે તેવી છે.

ત્રિકાળ સત્...સત્...સત્ વસ્તુમાં બંધ અને મુક્તિ નથી. સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ધર્મસભામાં ત્રિલોકીનાથ ભગવાન આમ ફરમાવતાં હતાં કે, ત્રિકાળી વસ્તુમાં બંધ અને મુક્તિ નથી. મહાવીરાદિ ભગવંતો તો વર્તમાનમાં અરિહંતપદમાં નથી, એ તો સિદ્ધ થઈ ગયા પણ વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરાદિ વીશ તીર્થંકરો અને લાખો કેવળીઓ બિરાજી રહ્યાં છે. આ કોઈ વાત હંબક નથી. સિદ્ધ થઈ ગયેલી વાત છે. ત્રણેયકાળના ભગવંતો આ વાત ફરમાવે છે કે, ત્રિકાળી વસ્તુ બંધ-મોક્ષથી રહિત છે. આવી બંધ, મોક્ષ રહિત વસ્તુ જ આરાધવા યોગ્ય છે-સેવવાયોગ્ય છે એટલે કે, તેની દૃષ્ટિ કરીને અનુભવ કરવા લાયક છે. વસ્તુ જે અખંડાનંદ ચૈતન્યમૂર્તિ દ્રવ્ય છે તેના ઉપર મીટ માંડીને તેની એકાગ્રતા સેવવા જેવી છે. તેનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

ભાઈ ! તું તારી ચૈતન્યઋદ્ધિને સાંભળ તો ખરો ! સાંભળ્યા વિના સમજણ અને ધર્મ થાય તેમ નથી. બજારમાં શાક લેવા જાય તો પણ પેલા નિર્ણય કરવો પડે છે કે મારે આ શાક લેવું છે—શાક લેવા જાય ને કયું શાક લેવું છે તે ખબર ન પડે તો તે મૂરખ છે તેમ અહીં આત્મા જોઈતો હોય તો પહેલાં આત્માનું સ્વરૂપ નક્કી કરવું પડશે. આત્માને ગ્રહણ કરવો હોય તો પહેલાં આત્મા કેવો છે અને કેવડો છે તે બધું નક્કી કરવું પડશે. ધર્મ જોઈતો હોય તેણે ધર્મ કયાંથી મળે અને કયાંથી ન મળે એ સમજણ પહેલાં જ કરવી જોઈએ. એ ખબર વિના ધર્મ ન થાય. ધર્મ તે શુદ્ધાત્મામાંથી આવે છે. કેવી રીતે આવે છે ?—કે, અખંડ-આનંદ શુદ્ધ-આત્મપ્રભુની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવાથી ધર્મ આવે છે. ધર્મ બીજેથી કયાંયથી આવતો નથી.

ધ્રુવ ચૈતન્યતારાને ઓળખીને, તેની દૃષ્ટિ કરીને તેમાં ઠરવા જેવું છે. આ વીતરાગ સર્વજ્ઞપરમાત્માએ કહેલો મોક્ષનો માર્ગ છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. વીતરાગ સિવાય ત્રણકાળ ત્રણલોકમાં બીજે કયાંય ધર્મ નથી.

આ ૬૫ ગાથા થઈ. હવે ૬૬મી ગાથામાં વીતરાગના વચનની આરાધનાની વાત આવશે કે જેના વગર જીવ ચારગતિમાં રખડયો છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ છે એમ બતાવનારું વીતરાગનું વચન જ આરાધવાયોગ્ય છે. [ ક્રમશઃ ]

##卐 મિથ્યાત્વના નાશનું કારણ 卐

નવ તત્ત્વોનો અનુભવ એ તો મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શનથી ઉલ્ટા એ પરિણામ છે. શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ આત્મામાં છે, એ ગુણનું વિપરીતપણે પરિણમવું તેને મિથ્યાદર્શન કહે છે અને તે ભવભ્રમણનું કારણ છે. એ કારણના નાશને અર્થે ભગવાન આત્માને અનેરા દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો. ભલે રાગાદિ હો પણ રાગથી ને પરથી ભિન્ન એવો વિદ્યમાન આ આત્મા છે તેને શ્રદ્ધવો, એ જ મિથ્યાત્વના નાશનું કારણ ને મોક્ષનું કારણ છે. —પૂજ્ય ગુરુદેવ

# 卐 સાધ્ય-સાધક દશાનું સ્વરૂપ 卐

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૩ )

શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે. તેનાં જીવદ્વારનું આ ૧૬મું પદ્ય શરૂ કરીએ છીએ.

પદ્યમાં બનારસીદાસજીએ સાધ્ય-સાધકનું આ સ્વરૂપ અથવા તો દ્રવ્ય અને ગુણ-પર્યાયોની અભેદવિવક્ષા બતાવી છે.

जंह ध्रुवधर्म कर्मछय लच्छन,<br>
सिद्धि समाधि साधिपद सोई ।<br>
सुद्धपयोग जोग महमंडित,<br>
साधक ताहि कहै सब कोई ॥<br>
यौं परतच्छ परोच्छ रूपसौं,<br>
साधक साधि अवस्था दोई ।<br>
दुहुकौ एक ग्यान संचय करि,<br>
सेवै सिववंछक थिर होई ॥ १६ ॥

સિદ્ધપદ તે સાધ્ય છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ સાધક છે. ધર્મીને પોતાની મોક્ષદશા સાધ્ય છે અને સમ્યક્ત્વાદિની નિર્મળ નિર્વિકારદશા સાધક છે. એટલે કે પૂર્ણ શુદ્ધતા તે સાધ્ય છે અને અપૂર્ણ શુદ્ધતા તે સાધક છે. વ્યવહારરત્નત્રય તે સાધક નથી.

जंह ध्रुवधर्म कर्मछय लच्छन, ધ્રુવધર્મ એટલે અહીં ત્રિકાળી દ્રવ્યની વાત નથી પણ સિદ્ધદશા તે ધ્રુવધર્મ છે, તે સાધ્ય છે કે જે કર્મોના ક્ષયથી ઉત્પન્ન થઈ છે. કર્મો અને નોકર્મ જ્યાં છૂટી ગયા છે એવું સિદ્ધપદ તે સિદ્ધિપદ અથવા સમાધિપદ છે તે ધર્મીનું સાધ્ય છે. અજ્ઞાનીજીવને તો વિકાર સાધ્ય છે અને મિથ્યાત્વભાવ તેનું સાધન છે. અહીં તો ધર્મીજીવના સાધ્ય-સાધનનું કથન ચાલે છે.

સર્વજ્ઞ વીતરાગ પરમદેવે સિદ્ધપદ જે નિશ્ચલ છે તેને ધ્રુવધર્મ કહ્યું છે. પહેલી ગાથામાં કુંદકુંદઆચાર્યદેવે પણ સિદ્ધગતિને ધ્રુવ, અચલ અને અનુપમ કહી છે. તેની આ વ્યાખ્યા છે.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.

પોતાની પૂર્ણ શુદ્ધતા—પરિપૂર્ણતા પ્રાપ્ત થવી તે સાધ્યની સિદ્ધિ છે—સમાધિ છે. જેમાં પૂર્ણ સમાધિ થઈ ગઈ એવી સિદ્ધદશા તે સાધ્ય છે.

**सुद्धपयोग जोग महिमंडित.** સિદ્ધદશા કેવી રીતે સધાય છે કે, શુદ્ધોપયોગના સાધન વડે સિદ્ધદશા સાધ્ય થાય છે. તે શુદ્ધોપયોગ ભલે મન, વચન, કાયાના યોગ સહિત છે અને આત્માના પ્રદેશોમાં પણ કંપન છે છતાં શુદ્ધ ઉપયોગ છે તે સાધક છે. શુદ્ધોપયોગ તે શું છે?—શુભાશુભ વિકલ્પ રહિત શુદ્ધાત્મ વેપાર કે જે તદ્દન નિર્વિકલ્પ વીતરાગી પરિણામ છે તે શુદ્ધોપયોગ છે.

આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ શુદ્ધ સ્વભાવની મૂર્તિ છે. તેના દર્શન, જ્ઞાન અને ચારિત્રના અંશે શુદ્ધ પરિણામ ચોથા ગુણસ્થાનથી ચાલુ થઈ જાય છે. અજ્ઞાની જીવને વસ્તુ શુદ્ધ આનંદકંદ છે તેનું ભાન નથી તેથી દયા, દાન, વ્રત, ભક્તિના શુભરાગને ધર્મનું સાધન માને છે, તેથી ચોથા ગુણસ્થાને શુભરાગ જ હોય એમ માને છે પણ તે ધર્મ નથી–સાધ્યનું એ સાધન નથી. સંતો–ધર્મીજીવો તો શુદ્ધોપયોગને જ સાધન કહે છે.

ભગવાન આત્મા વીતરાગપિંડ છે. ભગવાનને જેવો સ્વભાવ પર્યાયમાં પ્રગટ્યો છે એવો જ આ આત્માનો ત્રિકાળી સ્વભાવ છે. આવા સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ શુદ્ધોપયોગ તે સાધન છે. શરીરની ક્રિયા કે શુભરાગ સાધન નથી પણ શુદ્ધ ઉપયોગ સાધન છે.

**यौं परतच्छ परोच्छ रूपसौं, साधक साधि अवस्था दोई ।** આત્માની પૂર્ણ અવસ્થા–સિદ્ધદશા કે જે પ્રત્યક્ષ છે તે સાધ્ય છે અને અપૂર્ણ શુદ્ધ અવસ્થા પણ વેદનમાં તો પ્રત્યક્ષ આવે છે પણ પ્રત્યક્ષ જણાતી નથી માટે તેને પરોક્ષદશા કહી છે તે સાધન છે. સાધકને વસ્તુનું પૂર્ણ સ્વરૂપ અને તેની જ્ઞાન–આનંદ આદિ પર્યાય પ્રગટ જણાતી નથી માટે સાધકના શુદ્ધોપયોગને પરોક્ષ કહ્યો છે.

ભાઈ! તારી શું વાત કરવી! તું તો અખંડાનંદ પ્રભુ છો, તેના આનંદના સ્વાદ આગળ તો ઇન્દ્રના ઇન્દ્રાસન પણ સડેલાં તરણા જેવા લાગે છે એવો તું અતીન્દ્રિય સુખસાગર છો. તે પણ કોણે કહ્યું છે?—કે, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે તને આનંદનો સાગર કહ્યો છે. કોઈ અજ્ઞાની કે અલ્પજ્ઞે કહેલી વાત નથી. આવા નિજ

આત્માની સન્મુખ દૃષ્ટિ છે, સ્વસન્મુખ જ્ઞાન છે, અંશથી માંડીને વિશેષ વિશેષ સ્થિરતા છે. જે સિદ્ધદશાની સાધક છે તે દશાને અહીં પરોક્ષ કહી છે અને સિદ્ધદશા તે પ્રત્યક્ષ છે. કેમ કે, તેમાં પોતાના અસંખ્ય પ્રદેશ, અનંત ગુણ અને આખું લોકાલોક પ્રત્યક્ષ જણાય છે.

આત્મા છ દ્રવ્યનું જ્ઞાન કરે એવો છે પણ છ દ્રવ્યમાં આવે તેવો નથી. જેમ છ છોકરાનું તમને જ્ઞાન થાય છે પણ તમે તેમાં આવી જતા નથી.

સાધકદશા અને સાધ્યદશા એ બંને અવસ્થા છે, દ્રવ્ય, ગુણ નથી. દ્રવ્ય અને ગુણ તો નિત્ય-ધ્રુવ છે. દ્રવ્ય એટલે ત્રિકાળી શક્તિનો પિંડ અને ગુણ એટલે શક્તિ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિ છે, સ્વભાવ છે અને દ્રવ્ય તે સ્વભાવવાન છે. સાધક અને સાધ્ય એ વસ્તુની અવસ્થા નામ દશા છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. તેના ભાન વગર ધર્મ થાય તેમ નથી. પોતાના આત્માના ભાન વગર પ્રતિક્રમણ ને સામાયિક આદિ કેવી રીતે થાય! આત્માના ભાનથી જ ધર્મની શરૂઆત થાય છે.

આગળ વધતાં મુનિદશા આવે છે તેની તો શું વાત કરવી! તેની તો તને ખબર જ નથી. મુનિને તો અંદરમાં ત્રણ કષાયનો નાશ થયો છે, વસ્ત્ર, પાત્ર લેવાના વિકલ્પનો નાશ થયો છે અને બાહ્યમાં પણ નગ્ન-દિગંબરદશા છે તેને ભગવાને મુનિદશા કહી છે.

**दुहुकौ एक ग्यान संचय करि, सेवै सिववंछक थिर होई।** જે જીવ મોક્ષનો વાંછક છે તે સાધક અને સાધ્ય બંને અવસ્થા એક જીવની જ છે એમ જાણીને તેને સેવે છે એટલે કે મોક્ષાર્થી જીવ એકપણાને લક્ષમાં રાખે છે, બેપણાને સેવતા નથી.

અત્યારે બહારમાં અરાજકતા લાગે છે પણ આ શુભરાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, વ્યવહારથી ધર્મ થાય એવી માન્યતા તે આત્મામાં અરાજકતા છે અર્થાત્ તેમાં આત્માનું ખૂન થાય છે. 'વીતરાગનો ધર્મ તો વીતરાગભાવથી શરૂ થાય છે' વીતરાગનો ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે.

ધર્મીજીવ અપૂર્ણદશા અને પૂર્ણદશાને જાણે છે પણ સેવા તો એક શુદ્ધાત્માની કરે છે. સ્વરૂપમાં સ્થિર થઈને આત્માની સેવા કરે છે, એ ઉપર લક્ષ રાખતાં નથી. બંને દશાનું જ્ઞાન થાય છે પણ સેવા તો એક આત્માની જ કરે છે. સેવા કરે છે એટલે કે આત્માના શુદ્ધસ્વરૂપમાં એકાગ્ર થાય છે. તેને ઉપાસના પણ કહેવાય.

છઠ્ઠી ગાથામાં ઉપાસનાની વાત આવે છે ને! પરદ્રવ્યથી લક્ષ છોડી, સ્વદ્રવ્યનું લક્ષ કરી તેની ઉપાસના કરે છે તેને ધ્રુવ (દ્રવ્ય) શુદ્ધ કહેવામાં આવે છે. શુદ્ધ

ચૈતન્ય દ્રવ્ય તરફ ઢળવાથી શુદ્ધતા પ્રગટ થાય તેને ધ્રુવ ( દ્રવ્ય ) શુદ્ધ છે તેમ કહેવાય છે. છઠ્ઠી ગાથામાં આ ધ્રુવશુદ્ધની વાત છે અને અહીં પૂર્ણ અને અપૂર્ણ શુદ્ધ પર્યાયના જ્ઞાનની વાત છે. બંનેનું જ્ઞાન છે પણ સેવા એક શુદ્ધાત્માની કરે છે. सेवे सिववंछक थिर होई । સાધ્ય અને સાધક બંને અવસ્થાઓ એક જીવની છે એમ જે ગ્રહણ કરે છે તે જ મોક્ષનો અભિલાષી સ્થિરચિત્ત થાય છે-સ્વરૂપમાં સ્થિર થાય છે. આવી આ સાધકદશા છે.

જેના વ્હેણ સ્વભાવ તરફ છે તેને આ સહેલું પડે છે, જેના વ્હેણ સ્વભાવ તરફ વળ્યાં તે તો નજીક આવી ગયો, જેના વ્હેણ અજ્ઞાન તરફ ઢળેલા છે તે દૂર છે. ચૈતન્ય ભગવાન અનંત આનંદ અને જ્ઞાનનો પાતાળકૂવો છે. જેમ વીરડામાં પાણી થોડું હોય પણ પાતાળમાંથી પ્રવાહ આવ્યા જ કરે છે તેમ ચૈતન્યમાં દૃષ્ટિ આપીને અનુભવ કરે તો અનુભવતાં-અનુભવતાં અનંતકાળ જાય તોપણ ચૈતન્યપાતાળમાંથી ગુણોનો માલ ખૂટે તેમ નથી.

ભાવાર્થ:—સિદ્ધ અવસ્થા સાધ્ય છે અને અરહંત, સાધુ, શ્રાવક અને સમ્યક્ત્વી આદિ અવસ્થાઓ સાધક છે. જુઓ ! સમ્યકત્વીને પણ સાધક કહ્યાં છે અને અરિહંતને પણ સાધક કહ્યાં છે. જેમાં પૂર્ણતા નથી તે બધી અવસ્થાને સાધકદશા કહી છે. શુદ્ધોપયોગ છે તે સાધક છે એમ કહ્યું છે પણ શુદ્ધોપયોગ તો નિરંતર રહેતો નથી પણ શુદ્ધપરિણતી છે તે શુદ્ધોપયોગ જ છે. શુદ્ધસ્વરૂપ આત્માના વેપારરૂપ શુદ્ધપરિણતી પણ શુદ્ધ ઉપયોગ જ છે. ભલે જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયનો ભેદ છોડીને જ્ઞાન એકાકાર થાય તે શુદ્ધોપયોગ છે એ બરાબર છે પણ જેવા દ્રવ્ય, ગુણ છે તેવી જ તેની પરિણતી છે તેને પણ શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે.

જેમ ચંદ્રની બીજ ઉગે કે પૂનમ થાય તે બંને અવસ્થા ચંદ્રની છે તેમ શુદ્ધ જ્ઞાયકભાવની પ્રાપ્તિથી માંડીને સિદ્ધ દશા સુધીની બધી અવસ્થા એક જીવની છે, કોઈ પણ દશા કર્મની કે કર્મથી થયેલી નથી. બધી દશા મારા ભગવાન આત્માની એકની જ છે એમ જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

હવે ૧૬માં શ્લોક ઉપરના ૧૭માં પદ્યમાં દ્રવ્ય અને ગુણ-પર્યાયની ભેદ વિવક્ષા સમજાવે છે.

दरशन–ग्यान–चरन त्रिगुनातम,
समलरूप कहिये विवहार ।
निहचै–दृष्टि एकरस चेतन,
भेदरहित अविचल अविकार ।

सम्यकदसा प्रमान उभै नय,
निर्मल समल एक ही बार।
यौं समकाल जीवकी परिनति,
कहैं जिनेन्द्र गहै गनधार ॥ १७ ॥

સર્વજ્ઞ તીર્થંકર પરમદેવ દિવ્યધ્વનિમાં આમ કહેતાં હતાં અને ગણધરદેવ ઝીલતાં હતાં. વર્તમાનમાં પણ મહાવિદેહમાં ભગવાનની વાણી ખરી રહી છે અને ગણધરદેવાદિ સાંભળી રહ્યા છે તેમાં શું આવે છે તે કહે છે.

આત્માની—શુદ્ધ ધ્રુવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા આ ત્રણ ભેદ કહેવાય છે તે વ્યવહાર છે, સમલ છે-મેચક છે અર્થાત્ ભેદ છે. તે ત્રણ ભેદ છે તે નિશ્ચયથી અભૂતાર્થ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર તો નિશ્ચય છે પણ તેના ભેદ પાડયા માટે તે અભૂતાર્થ થઈ ગયાં-ભેદ થઈ ગયા. આશ્રય તો અભેદનો કરવાનો છે. ભેદનો આશ્રય કરવા જેવો નથી માટે ભેદને વ્યવહાર અને મળયુક્ત કહ્યો છે. આત્માના સ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન અભેદ થઈ જાય એ તો નિશ્ચય છે ભેદનો આશ્રય કરવા જતાં વિકલ્પ ઉઠે છે માટે ભેદને સમલ કહ્યો છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય પોતે વ્યવહાર છે.

વ્યવહારનયથી આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ ગુણરૂપ છે. આ વ્યવહારનય નિશ્ચયની અપેક્ષાએ અભૂતાર્થ છે નિશ્ચયથી આત્મા એક ચૈતન્યરસસંપન્ન, અભેદ, નિત્ય અને નિર્વિકાર છે. તેમાં આ દર્શન, જ્ઞાન, ચારિત્રના ત્રણ ભેદ પાડવા તે યથાર્થ નથી, અભૂતાર્થ અને અસત્યાર્થ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર જીવની પર્યાયમાં તો છે પણ તેના ભેદ પાડવા તે વ્યવહાર છે. વ્યવહારરત્નત્રય તો ખરેખર પોતાની પર્યાયમાં નથી માટે એ તો અસદ્‌ભૂત છે.

આ મારગ કઠણ તો છે પણ તેને પામવો અશકય નથી. મારગની દિશા ખબર નથી એટલે કઠણ તો લાગે પણ ઉલ્ટી દિશામાં દોડવા લાગે કે ઝાંઝવામાં જળ શોધવા લાગે તો મળે તેમ નથી. ઝાંઝવામાં પાણી ન હોય ભાઈ! ત્યાં કયાં દોડવા લાગ્યો? ભજનમાં ગાય છે ને! મનના તે મૃગલાંને પાછા વાળજે રે લોલ......દોડે હાંફે ઝાંઝવા જળની કાજ......ઝાંઝવામાં પીવાના પાણી ન હોય ભાઈ! ન હોય! ખારી જમીનમાં સૂર્યના કીરણો પડે એટલે પાણી જેવું દૂરથી દેખાય ત્યાં દોડી દોડીને દોડેપણ પાણી તો શું ઠંડી હવા પણ ન મળે. તેમ દોડી દોડીને પુણ્ય-પાપની ક્રિયા કરે પણ તેમાંથી શાંતિ મળતી નથી કેમ કે, એમાં શાંતિ છે જ નહિ.

શાંતિ તો પુણ્ય-પાપના વિકલ્પથી રહિત ભગવાન આત્મામાં છે. ત્યાં જતો નથી ને આમ બહાર દોડે છે.

દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ,
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો જોડ.

ભગવાન ઉપર પ્રેમ જાઈએ, વિકારના પ્રેમથી આત્માની શાંતિ ન મળે. અનાદિથી પરના ને રાગના પ્રેમમાં ઘણું દોડયો પણ શાંતિ હાથ ન આવી. અરે! ત્રિકાળની અપેક્ષાએ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પણ ભેદ છે. માટે તેના આશ્રયે ધર્મ થતો નથી.

**निहचै–दृष्टि एकरस चेतन, भेदरहित अविचल अविकार ।** ભગવાન આત્મામાં ભેદ નથી, આત્મા અવિચલ અને અવિકાર છે. દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદો તો પર્યાયમાં છે દ્રવ્યમાં, તો તે બધું અભેદ છે માટે ભેદ તે વ્યવહાર છે. આત્મા નિશ્ચય અને નિમિત્ત વ્યવહાર એમ નહિ, આત્મા નિશ્ચય અને રાગ તે વ્યવહાર એમ નહિ પણ અભેદ આત્મા તે નિશ્ચય અને નિર્મળપર્યાયના ભેદ તે વ્યવહાર એમ કહ્યું છે. થોડું પણ સત્ય જેમ છે તેમ જાણવું પડશે ને! લાંબો વિસ્તાર ઘણો હોય પણ વસ્તુસ્થિતિ આ છે. તેમ સમજવું પડશે. ગોર પરણાવે પણ ઘર ચલાવી ન દે, તેમ ગુરુ સમજાવે પણ પોતે સમજે તો થાય.

**सम्यकदसा प्रमान उभै नय निर्मल समल एक ही बार** અભેદ તે નિશ્ચય અને પર્યાયનો ભેદ પડે તે વ્યવહાર. આ બંનેને એક સાથે જાણે તે પ્રમાણ છે. અખંડ વસ્તુની દષ્ટિ કરીને તેમાં ઠરવું તે ધર્મ છે પણ એવા ભેદ પણ વસ્તુમાં નથી. એ તો એકાકાર અભેદ છે. નિશ્ચયનો આશ્રય હોય અને વ્યવહારનું જ્ઞાન હોય અને દ્રવ્ય-પર્યાય બંનેનું એક સાથે જ્ઞાન થવું તે પ્રમાણજ્ઞાન છે.

૪૭ શક્તિમાં પણ દર્શશક્તિ, જ્ઞાનશક્તિ આદિ શક્તિ લીધી છે તેનું પર્યાયમાં પરિણમન થવું તે વ્યવહાર છે. રાગ તે વ્યવહાર નથી. રાગ તો અસદ્‌ભૂત વ્યવહારમાં જાય છે.

**निर्मल** એટલે અભેદ વસ્તુ અને **समल** એટલે ભેદ. આ બંનેનું એકસાથે જ્ઞાન થવું તે પ્રમાણજ્ઞાન છે. **यौं समकाल जीवकी परिणति** ત્રિકાળ પારિણામિક ભાવ તે નિર્મળ અને વર્તમાન નિર્મળ પર્યાય તે સમલ પરિણતી; તે બંને ને પરિણતી કહીને સમજાવ્યું છે. શબ્દ પકડે તો કામ ન લાગે.

**कहैं जिनेंद्र गहै गनधार ।** નિર્મળ અને સમલ એવી જીવની બંને પરિણતીને

એક સમયમાં જાણે છે તે પ્રમાણજ્ઞાન છે. એક જ સમયમાં જીવની આવી બે પરિણતી ભગવાન તીર્થંકરદેવે કહી છે અને તેને ગણધરદેવે ધારણ કરી છે.

હવે ૧૭મા કળશના ૧૮માં પદ્યમાં વ્યવહારનયથી જીવનું સ્વરૂપ બતાવે છે.

एकरूप आतम दरब, ग्यान चरन दग तीन ।
भेदभाव परिनामसौं, विवहारै सु मलिन ॥ १८ ॥

આત્મદ્રવ્ય એકરૂપ છે. આત્મા વસ્તુ અનંતગુણનો એકરસ પિંડ છે. તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના ત્રણ ભેદરૂપ કહેવો તે વ્યવહાર છે, અસત્યાર્થ છે.

જેતે ભેદ વિકલ્પ હૈં, તે તે સબ વિવહાર,
નિરાબાધ નિરકલ્પ સો, નિશ્ચયનય નિરધાર.

પર્યાય પોતે અંશ હોવાથી વ્યવહાર છે તેમાં વળી પર્યાયના ભેદ પાડવા તે તો બધાં વ્યવહાર છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર એવા ત્રણ પ્રકારને વ્યવહાર કહ્યાં છે. નિર્વિકલ્પ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તો નિરાબાધ નિરભેદ છે તે નિશ્ચય છે એમ નક્કી કરીએ છીએ. ભેદ પાડીને સમજવું તે વ્યવહાર છે. અહીં રાગ કે નિમિત્તના વ્યવહારની વાત નથી, ફક્ત અભેદ તે નિશ્ચય અને તેમાં ભેદ પાડવો તે વ્યવહાર, એમ બેનું યથાર્થ જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. [ ક્રમશઃ ]

## □ જ્ઞાનસ્વરૂપી આત્મા □

કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# * ધર્મનું મૂળ સર્વજ્ઞ *

[ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ભૂતકાળની ને ભવિષ્યની પર્યાય અવિદ્યમાન હોવા છતાં ભગવાન કેવળજ્ઞાન વડે તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે માટે વિદ્યમાન છે એમ અહીં પ્રવચનસાર ગાથા ૩૮માં સિદ્ધ કરે છે. ભૂતકાળ ને ભવિષ્યકાળની પર્યાય પર્યાય અપેક્ષાએ અવિદ્યમાન છે છતાં કેવળજ્ઞાનનો એવો સ્વભાવ છે કે એ પર્યાય નથી એને છે એમ જાણે છે. આવા સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય કરે તેને આત્મસ્વભાવની પ્રતીતિ થયા વિના ન રહે.

આચાર્યદેવ અહીં કહે છે કે ગયા કાળની ને ભાવિની પર્યાય વિદ્યમાન નથી છતાં કોઈ અપેક્ષાએ છે એમ કહીયે છીએ. જે પર્યાયો અવિદ્યમાન છે તેને જ્ઞાન અપેક્ષાએ એટલે કે કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષવત્ જાણે છે એ અપેક્ષાએ વિદ્યમાન છે એમ કહીયે છીએ. આહાહા! આ તો ભગવાન પરમેશ્વરના મહામંત્રો છે! કોઈનું કરી દઉં કે મારી પર્યાયને પણ હું ફેરવી દઉં એવા અભિમાનના મિથ્યાત્વના ઝેર ઊતારવાના આ મંત્રો છે.

જે પર્યાયો અણુજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,
તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.

જે પર્યાય થઈ ગઈ એને ભગવાન જાણે-એમ તો માને અને એને ક્રમબદ્ધ પણ માને, પણ ભવિષ્યની જે પર્યાય થવાની છે તે ક્રમબદ્ધ થવાની છે ને તેને સર્વજ્ઞ જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણે છે—એ વાત બેસવી લોકોને કઠણ લાગે છે! પણ જ્ઞાનનો એવો અલૌકિક સ્વભાવ છે. તેથી કહે છે કે ભૂતકાળ ને ભવિષ્યકાળની જે પર્યાયો વર્તમાનમાં વિદ્યમાન નથી તે અપેક્ષાએ અવિદ્યમાન છે પણ જ્ઞાનમાં તો તેઓ વર્તમાનવત્

પ્રત્યક્ષ જણાય છે માટે તેઓ વિદ્યમાન છે. જ્ઞાનનો કોઈ એવો જ અલૌકિક સ્વભાવ છે કે જે પર્યાયો વર્તમાનમાં નહિ હોવા છતાં તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

જે પર્યાયો હજુ ઉત્પન્ન થઈ નથી, જે પર્યાયો ઉત્પન્ન થઈને દ્રવ્યમાં વિલય થઈ ગઈ છે તે પર્યાયો ખરેખર અવિદ્યમાન છે તેમ છતાં તેઓ કેવળજ્ઞાનમાં નિયત છે. કેવળજ્ઞાનની પર્યાયમાં તો વર્તમાન પર્યાયની જેમ ભૂતકાળ ને ભાવિકાળની પર્યાયો પ્રત્યક્ષ વર્તમાનવત્ દેખાય છે. જડ ને ચૈતન્યની ભૂતકાળની દશાઓ ને ભવિષ્યની દશાઓ—છએ દ્રવ્યની દશાઓ જ્ઞાનની અપેક્ષાએ વિદ્યમાન કહીયે છીએ.

કેવળજ્ઞાનનો કોઈ એવો સ્વભાવ છે કે ભૂત-ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં તેઓ ભૂતાર્થ છે. પોતાની પણ જે ભવિષ્યની અનંતી પર્યાયો થઈ નથી તેને પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે—એમ જાણે છે. જ્ઞાનની અપેક્ષાએ ભૂતાર્થ છે. કેવળજ્ઞાનની પર્યાય ભૂતકાળ ને ભાવિકાળની અવિદ્યમાન પર્યાયને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે માટે વ્યવહારે તેઓ ભૂતાર્થ છે. ભૂતકાળ ને ભવિષ્યકાળની પર્યાયો નથી માટે તેઓ જ્ઞાનમાં વ્યવહારે ભૂતાર્થ છે એમ નથી, પણ જ્ઞાનમાં તો તેઓ નિયત છે, નિશ્ચયથી પ્રત્યક્ષ છે.

વિદ્યમાન નથી છતાં તેઓ જ્ઞાનમાં સીધા જણાય છે, છે—એમ સીધા જ્ઞાનમાં જણાય છે. પ્રભુ! તારા ચૈતન્યસ્વભાવની પર્યાયનો સ્વભાવ તો જો! વર્તમાનમાં જે પર્યાય થાય તેને જાણે છે એમ નહિ પણ ભવિષ્યની પર્યાયને વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે! આહાહા! આવા કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરવા જાય તેનું લક્ષ દ્રવ્યસ્વભાવ તરફ જ જાય, ત્યારે જ તેનો નિર્ણય થાય.

અનંત કાળ પછી જે પર્યાય થશે તેનું જ્ઞાન કેવળજ્ઞાનમાં સીધું થાય છે. આહાહા! વિચારકોને વિચાર ને મંથન કરવાની આ વાત છે. એમ ને એમ માની લે એ કાંઈ ચીજ નથી. જ્ઞાનનો એવો જ કોઈ અચિંત્ય સ્વભાવ છે કે જે પર્યાય થઈ ગઈ ને જે થશે તેને સીધું જાણી લે છે. આ વર્તમાન છે માટે ભવિષ્ય હશે ને વર્તમાન છે માટે ભૂત હતું—એમ નહિ, પણ તેને સીધું જાણી લે છે. આહાહા! ધન્ય ભાગ્ય કે વીતરાગની આવી વાણી મળી!

જે સમયે જે ક્ષેત્રે જે કાળે જે નિમિત્તમાં જેની જે પર્યાય થવાની છે તે જ થશે—એ પ્રકારે માને તે સમ્યગ્દૃષ્ટિ છે—એમ સ્વામીકાર્તિકેય અનુપ્રેક્ષામાં ગાથા-૩૨૧, ૩૨૨ માં કહ્યું છે. આ ચર્ચવા જેવું છે, ભલે બેસતાં વાર લાગે પણ ચર્ચવા જેવું છે. ભાઈ! આ તો વસ્તુનો આવો સ્વભાવ છે ને ભગવાને એ કહ્યો છે.

જ્ઞાનનો કોઈ એવો જ સ્વભાવ છે કે ભૂતકાળ ને ભાવિકાળની અવિદ્યમાન પર્યાયો જાણે, વિદ્યમાન હોય એમ પ્રત્યક્ષ જાણે છે. આવું કેવળજ્ઞાન! પર્યાયની આવી તાકાત!—તો એના ગુણનું શું કહેવું?—તો એ ગુણોના પિંડરૂપ દ્રવ્યનું તો શું કહેવું?— એવા દ્રવ્યની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય.

અવિદ્યમાનને પણ પ્રત્યક્ષ જાણે! નથી તેને પ્રત્યક્ષ જાણે છે કે આ રહી!—એ જ્ઞાનશક્તિ શું ચીજ છે બાપુ! દ્રવ્યમાં ભૂતકાળ ને ભવિષ્યકાળની શક્તિભૂત યોગ્યતા છે તેને જાણે છે એમ નહિ હો! ભવિષ્યની પર્યાય જે કાળે જે થવાની છે તેને 'આ રહી'—એમ પ્રત્યક્ષ જાણે છે. દ્રવ્યમાં ભૂતકાળ ને ભવિષ્યકાળની યોગ્યતા પડી છે માટે દ્રવ્યને જાણતાં તેને જાણે છે એમ નહિ, પણ ભૂતકાળ ને ભવિષ્યકાળની પર્યાયને વર્તમાનવત્ જાણે છે. આહાહા! અલૌકિક વાત છે!

ભૂત–ભાવિના પર્યાયો ત્યાં ભલે નથી પણ જ્ઞાન પ્રત્યે તો નિયત છે. જ્ઞાનમાં તેઓ નિયત હોવાથી ભૂત–ભાવિ જ્ઞાનમાં પ્રત્યક્ષ વર્તતા થકા વિદ્યમાન જ છે. જેમ પથ્થરના સ્થંભમાં કોતરાયેલાં બાહુબલિ આદિ તથા ભવિષ્યના તીર્થંકર શ્રેણિકરાજા આદિ ચીતર્યાં હોય તો એક સમયમાં પ્રત્યક્ષ જણાય છે, તેમ જેટલા અનંતા જ્ઞેયો છે તેની ભૂત–ભાવિની પર્યાયો અકંપપણે જ્ઞાનમાં અર્પાય છે—જ્ઞેયપણે જણાય છે,

ભવિષ્યનું નક્કી ક્યાં છે કે કોની કઈ પર્યાય કેમ થશે?—કે નક્કી જ છે. શ્રેણિકરાજા ભવિષ્યમાં તીર્થંકર થશે એ નિશ્ચિત છે, નિયત જ છે. જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે થવાની જ, ઇન્દ્ર નરેન્દ્ર આદિ તેમાં ફેરફાર કરી શકે નહિ.

ત્રણકાળ ત્રણલોકની જે પર્યાયો છે તે બધી જ્ઞેય તરીકે કેવળજ્ઞાનની પર્યાયમાં અર્પાઈ જાય છે. જેટલા જ્ઞેયો છે તેની ભૂત–વર્તમાન–ભાવિની બધી પર્યાયો એક સમયમાં જ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જાય છે—જણાય જાય છે. ગયા કાળની ને ભવિષ્યની ને વર્તમાનની બધી પર્યાયો જાણે સ્થિર હોય એમ અકંપપણે જ્ઞાનને જ્ઞેયપણે અર્પે છે—જ્ઞેયપણે વર્તે છે. આવું ક્રમબદ્ધ સ્વરૂપ છે તેને જે માનતો નથી તે વસ્તુની સ્થિતિને માનતો નથી ને વસ્તુની સ્થિતિને માનતો નથી તે કેવળજ્ઞાનને જ માનતો નથી.

ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો તેઓ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ! તારો સ્વભાવ સર્વજ્ઞ–સ્વરૂપી છે. એ સર્વજ્ઞ સ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડ્યા છે. આહાહા! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભવનો

અંત આવી ગયો! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જ ગયું છે.

ભૂત ને ભવિષ્યના પર્યાયો ખરેખર અવિદ્યમાન છે છતાં તેઓ જ્ઞાનમાં તો વિદ્યમાન જ છે. જ્ઞાનની અચિંત્ય શક્તિનો ને જ્ઞેયોનો એ રીતે અર્પાઈ જવાનો એવો જ સ્વભાવ છે. ભૂત ને ભાવિ તીર્થંકરોને પથ્થરમાં કોતર્યા હોય તેની માફક બધા જ્ઞેયો અકંપપણે જ્ઞાનને અર્પતા એવા વિદ્યમાન જ છે. પોતાની અપેક્ષાએ ભૂત-ભવિષ્યના પર્યાયો અવિદ્યમાન છે છતાં અહીં જ્ઞાનની અપેક્ષાએ તેઓ વિદ્યમાન જ છે.

પહેલાં કહ્યું કે ભૂત-ભવિષ્યના પર્યાયો ખરેખર અવિદ્યમાન જ છે પણ જ્ઞાન પ્રત્યે તો વિદ્યમાન જ છે. એવો કોઈ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ! તારો જ્ઞાનસ્વભાવ જ એવો છે કે અવિદ્યમાનને પણ વિદ્યમાન કરે છે. એક જ્ઞાનગુણનો આવો સ્વભાવ ને એવા એવા અનંતા ગુણોનો ચમત્કારીક સ્વભાવવાળો તું છો, તેની દૃષ્ટિ કર.

છએ દ્રવ્યોના ભૂત-ભવિષ્યના પર્યાયો જ્ઞેયોની અપેક્ષાએ વર્તમાન અવિદ્યમાન છે છતાં જ્ઞાનને તેઓ જ્ઞેયપણે અર્પાય છે. જ્ઞાનનો એવો જ કોઈ સ્વભાવ છે કે નથી તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરી નાખે છે. આહાહા! આવી આવી અનંતી કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્યમાંથી પ્રગટ થઈ છતાં દ્રવ્ય તો પૂરણ જ એવું ને એવું છે. આ તે કોઈ વાત છે! વસ્તુનો સ્વભાવ અચિંત્ય છે ભાઈ!

## ▣ છ મહિના અભ્યાસ કર ▣

પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ તપાસ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# □ વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સર્વજ્ઞદેવે જે સમયે જે પદાર્થમાં જે રીતે સંયોગ-વિયોગ વગેરે જોયું છે તે જ રીતે થશે, તેમાં ફેરફાર થતો નથી-આમ જેણે નક્કી કર્યું છે એટલે પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈ છે કે હું તો બધાનો જાણનાર છું. આમ જ્ઞાનસ્વભાવને નક્કી કર્યા પછી તેના અવલંબને શુદ્ધતાના અંશો વધતા જાય તે અનુસાર પડિમા હોય છે-તેના પ્રકારોનું આ વર્ણન છે. સર્વજ્ઞે જેવું અનેકાંત વસ્તુસ્વરૂપ જોયું તેવું જેણે જાણ્યું છે એટલે પરથી-નિમિત્તથી-વિકારથી ભેદજ્ઞાન થયું છે, એવું ભેદજ્ઞાન તે પ્રથમ ધર્મ છે. તે પછી ભેદજ્ઞાનની વૃદ્ધિ થતાં શુદ્ધતાં વધે છે ને રાગ ટળે છે—તેમાં ૧૧ પડિમા હોય છે. સ્વભાવના આશ્રયે શુદ્ધતા થતાં આ પડિમા સહજ હોય છે. જેટલા અંશે શુદ્ધતા થઈ તેટલા અંશે રાગ થતો નથી અને તે પ્રકારનાં સચિત્ત આહાર વગેરે નિમિત્તો પણ છૂટી જાય છે ત્યાં " સચિત્તનો ત્યાગ કર્યો " વગેરે કથન નિમિત્તથી કહેવાય છે.

यः वर्जयति सचित्तं दुर्जयजिह्वा अपि निर्जिता तेन ।
दयाभावः भवति कृतः जिनवचनं पालितं तेन ॥ ३८१ ॥

અર્થ:— જે શ્રાવક, સચિત્તનો ત્યાગ કરે છે તેણે જેને જીતવી કઠણ છે એવી જીહ્વાઇન્દ્રિયને જીતી દયાભાવ પ્રગટ કર્યો તથા જિનેશ્વરદેવના વચનને પાલન કર્યું.

પંચમપ્રતિમાયોગ્ય શુદ્ધિની વૃદ્ધિ જે શ્રાવકને છે તેને સચિત્તનો ત્યાગ છે, જીહ્વાઇન્દ્રિયનું જિતવું થયું છે, દયાભાવ પ્રગટ કર્યો છે તથા તેણે શ્રી જિનઆજ્ઞાનું પાલન કર્યું છે.

સચિત્તના ત્યાગમાં મોટો ગુણ છે. તેનાથી જીહ્વાઇન્દ્રિયનું જીતવું થાય છે, પ્રાણીઓની દયા પળાય છે તથા ભગવાનના વચન પાલન થાય છે. કારણ કે હરિતકાયાદિ સચિત્તમાં ભગવાને જીવ કહ્યા છે એ આજ્ઞા પાલન થઈ. સચિત્તમાં મળેલા વા સચિત્તથી બંધ-સંબંધરૂપ વસ્તુ ઈત્યાદિક તેના અતિચાર છે, એ અતિચાર લગાવે નહિ તો શુદ્ધ ત્યાગ થાય અને ત્યારે જ પ્રતિમાની પ્રતિજ્ઞાનું પાલન થાય છે. ભોગોપભોગવ્રત અને દેશાવકાશિકવ્રતમાં પણ સચિત્તનો ત્યાગ કહ્યો છે પરંતુ ત્યાં નિરતિચાર-નિયમરૂપ ( ત્યાગ ) નથી અને અહીં નિયમરૂપ નિરતિચાર ત્યાગ હોય છે.

એ પ્રમાણે સચિત્ત ત્યાગ નામની પાંચમી પ્રતિમા વા બારભેદોમાં છઠ્ઠો ભેદ વર્ણન કર્યો.

અંતરમાં ચૈતન્યની શાંતિ વધી જતાં સચિત્ત વસ્તુના આહારની લાગણી જ ઉત્પન્ન થતી નથી એટલે તેણે જીવોની દયા પાળી એમ નિમિત્તથી કહેવાય છે. જેને જે પડિમા હોય તેને તે પ્રકારની શુદ્ધતા અને શાંતિ તો ચોવીસે કલાક રહે છે.

આગળ રાત્રિભોજનત્યાગ નામની છઠ્ઠી પ્રતિમાને કહે છે.

यः चतुर्विधं अपि भोज्यं रजन्यां नैव भुंक्ते ज्ञानी ।
न च भोजयति अन्यं निशिविरतः सः भवेत् भेज्यः ॥ ३८२ ॥

જે જ્ઞાની સમ્યગ્દષ્ટિ શ્રાવક રાત્રિ વિષે ચાર પ્રકારના અશન-પાન-ખાદ્ય અને સ્વાદ્ય આહારને ભોગવતો નથી -ખાતો નથી તથા બીજાને તેવું ભોજન કરાવતો નથી તે શ્રાવક રાત્રિભોજનનો ત્યાગી હોય છે.

જુઓ—દરેક ગાથામાં "જ્ઞાની" શબ્દ મૂકયો છે, એટલે કે જેને વસ્તુ સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન થયું હોય એવા જ્ઞાનીને જ આવી પડિમા હોય છે. અંતરમાં આત્માનું ભાન ન હોય અને શુભરાગથી રાત્રિભોજન ત્યાગ કરે તેથી કાંઈ પડિમા થઈ જતી નથી. અમુક વખતે હું અમુક પ્રકારનો રાગ કરું એવી જેની દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને પડિમા હોય નહીં.

ભાવાર્થ:—માંસભક્ષણ દોષ તથા બહુ આરંભી ત્રસઘાત દોષની અપેક્ષાએ રાત્રિભોજનનો ત્યાગ તો પહેલી બીજી પ્રતિમામાં જ કરાવ્યો છે. પણ ત્યાં તો કૃત-કારિત-અનુમોદના તથા મન-વચન-કાયાના કોઈ દોષ લાગે છે તેથી શુદ્ધ ત્યાગ નથી અને અહીં તો (એ બધા દોષો ટાળી) પ્રતિમાની પ્રતિજ્ઞામાં શુદ્ધ ત્યાગ થાય છે એ માટે તેને પ્રતિમા કહી છે.

સ્થૂળપણે રાત્રિભોજનનો ત્યાગ તો શ્રાવકને હોય જ પણ અહીં તો નિયમપૂર્વક અતિચાર રહિત, રાત્રિભોજનનો ત્યાગ છે. આહારની ક્રિયા તો સહેજે તેવી હોય છે પણ શ્રાવકને અંતર સ્વરૂપના અવલંબને વીતરાગભાવ વધી ગયો છે ત્યાં રાત્રિભોજનનો વિકલ્પ જ નથી ઉઠતો. અંતરની શુદ્ધિ વગર રાત્રિભોજનના ત્યાગનો શુભરાગ કરે તેની અહીં વાત નથી. અહીં તો અંતરમાં લીનતાનો અભ્યાસ કરતાં શ્રાવકને સહજ શાંતિ વધતાં તેવો રાગ થતો જ નથી. છઠ્ઠી પડિમાવાળા શ્રાવકનો સહજ એવો જ કાળ છે કે ત્યાં તેને રાત્રિભોજનનો રાગ થતો જ નથી. રાગ છોડું એવી દૃષ્ટિ નથી પણ જ્યાં અંતરની તેવી શુદ્ધતા થઈ ત્યાં રાગ થવાનો કાળ જ નથી. એવી જ ક્રમબદ્ધપર્યાય છે. ક્રમબદ્ધપર્યાયની પ્રતીત જેને નથી તેને તો સર્વજ્ઞની પણ પ્રતીત નથી.

તેને વ્રત કે પડિમા હોય નહીં. પર્યાય તો ક્રમબદ્ધ છે, તેમાં ફેરફાર થતો નથી-એવા નિર્ણય પૂર્વક જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં તેના અવલંબને સહજ શુદ્ધતા વધતી જાય છે અને ત્યાં તે પ્રકારનો રાગ થતો જ નથી. રાગ થવાનો હતો ને ન થયો એમ નથી. જે પર્યાય થવાની હોય તેને ફેરવવાની કોઈની તાકાત નથી; જિનેન્દ્રદેવે જાણ્યું છે પણ ફેરવવાની તાકાત તેમનામાં પણ નથી, તો બીજો તો કોણ ફેરવે? પહેલાં ૩૨૧-૨૨-૨૩ ગાથામાં સમ્યગ્દૃષ્ટિને કેવી પ્રતીત હોય તેનું વર્ણન કર્યું છે. તેવી પ્રતીત રાખીને આ વાત છે. પર્યાયનો ફેરફાર કરી દેવાની જેની માન્યતા છે તે તો મિથ્યાદૃષ્ટિ છે; સ્વભાવની દૃષ્ટિ સહિત શુદ્ધતા વધતા રાગ થતો જ નથી-એવી જ સહજ ભૂમિકા છે, તેનુ આ વર્ણન છે. છઠ્ઠી પ્રતિમાવાળાને રાત્રિભોજન કરવાનો ભાવ ન હોય તેમ જ કરાવે કે અનુમોદે નહિ-એ વાત ઉત્કૃષ્ટ અપેક્ષાએ એટલે કે ગૃહવાસથી વિરત થયેલા શ્રાવકની અપેક્ષાએ છે. ગૃહસ્થાશ્રમથી જે વિરત નથી એવા ગૃહસ્થ શ્રાવકને એવો રાગ હોય છે કે બીજાને પાણી પાય, રાત્રે બાળકને પાણી આપે તે એવી ભૂમિકાવાળો છે-એમ તે પોતાની ભૂમિકાને જાણે છે. ગૃહસ્થાશ્રમમાં રહેતા અને ગૃહસ્થાશ્રમથી વિરત-એવા બે પ્રકારના શ્રાવકો હોય છે તેમાં અહીં ઉત્કૃષ્ટ અપેક્ષાએ વર્ણન છે.

यः निशिभुक्तिं वर्जयति सः उपवासं करोति षण्मासम् ।
संवत्सरस्य मध्ये आरम्भं त्यजति रजन्याम् ॥ ३८३ ॥

જે પુરુષ રાત્રિભોજન છોડે છે તે એક વર્ષ દિવસમાં છ માસના ઉપવાસ કરે છે. રાત્રિભોજનના ત્યાગથી ભોજનસંબંધી આરંભ પણ ત્યાગે છે. તથા વ્યાપારાદિ સંબંધી આરંભ પણ છોડે છે તેથી તે મહાન દયા પાલન કરે છે.

શ્રાવકને તે તે વખતનો સ્વકાળ જ આવો હોય છે તેની આ વાત છે. બહારમાં રાત્રે આહારાદિનો સંયોગ ન થયો તે જડનો કાળ છે. જુઓ, અંતરમાં સ્વભાવના અવલંબને રાત્રિભોજનનો રાગ જ છૂટી ગયો છે. દિવસના ભાગમાં આહાર કરતો હોય તે વખતે પણ "રાત્રિભોજનત્યાગ પડિમા" ની શુદ્ધતા તો પડી જ છે. રાત્રિ-ભોજનત્યાગ પડિમા રાત્રે જ હોય ને દિવસે આહાર વખતે ન હોય-એમ નથી. જે જે પડિમામાં જેટલી શુદ્ધિ છે તેટલી શુદ્ધિ તો નિરંતર છે.

ભાવાર્થ:—જે રાત્રિભોજન ત્યાગે છે તે વર્ષ દિવસમાં છ માસના ઉપવાસ કરે છે તથા અન્ય આરંભનો પણ રાત્રિમાં ત્યાગ કરે છે. વળી અન્ય ગ્રંથોમાં આ પ્રતિમામાં (દિવામૈથુનત્યાગ) એટલે દિવસમાં મન-વચન-કાયથી કૃત-કારિત-અનુમોદના

પૂર્વક સ્ત્રીસેવનનો ત્યાગ પણ કહ્યો છે,-એ પ્રમાણે રાત્રિ-ભોજન ત્યાગ પ્રતિમાનું નિરૂપણ કર્યું. આ પ્રતિમા છઠ્ઠી છે તથા બાર ભેદોમાં સાતમો ભેદ થાય છે.

જેને રાત્રિભોજનનો ત્યાગ હોય-એવી શુદ્ધતા પ્રગટી તેને પોતાને રાત્રે આરંભ કરવાનો ભાવ ન થાય. રાત્રે વેપાર-રસોઈ વગેરે કરવાનો ભાવ તેને આવે નહિ આટલી અંતરમાં શુદ્ધતા વધી ગઈ છે. રાત્રિભોજન ત્યાગની પડિમા હોય અને રાત્રે બીજા મોટા આરંભ-સમારંભ કરતો હોય-એમ ન બને. અંતર સ્વભાવના અવલંબને જેટલી શુદ્ધતા થઈને રાગ તૂટયો તેટલો રાગ બધે ઠેકાણેથી છૂટી જાય છે. છઠ્ઠી પડિમાવાળા શ્રાવકને દિવસના ભાગમાં પોતની સ્ત્રી પ્રત્યે પણ મનમાં વિકલ્પ ઉઠતો નથી, મન, વચન, કાયાથી તેને કૃત-કારિત અનુમોદનાથી તેને એવો ભાવ જ આવતો નથી-એટલો અંતરની પરિણતિમાં વીતરાગભાવ થઈ ગયો છે.

હવે સાતમી બ્રહ્મચર્ય પ્રતિમાનું વર્ણન કરે છેઃ—

सर्वासां स्त्रीणां यः अभिलाषं न कुर्वते ज्ञानी ।
मनसा, वचसा कायेन च ब्रह्मव्रती सः भवेत् सदयः ॥ ३८४ ॥

જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ શ્રાવક દેવાંગના—મનુષ્યણિ-તિર્યંચણિ અને ચિત્રામણની ઈત્યાદિ ચારે પ્રકારની બધીય સ્ત્રીઓનો મન-વચન-કાયાથી અભિલાષ ન કરે તે બ્રહ્મચર્યવ્રતને ધારક થાય છે. કેવો છે તે? દયાનો પાલન કરવાવાળો છે.

અંતરમાં ચિદાનંદ બ્રહ્મસ્વરૂપ આત્મામાં રમણતાં વધતાં એવો અકષાયભાવ થઈ ગયો કે મન-વચન-કાયાથી, કૃત-કારિત-અનુમોદનાથી સર્વ સ્ત્રીઓનો ત્યાગ છે. સમ્યગ્દર્શન થયું ત્યાં જ ભાન તો થયું હતું કે મારું સુખ વિષયોમાં નથી, ને અહીં તો સ્વરૂપમાં એકાગ્રતાનો અંશ વધતાં વિષયની વૃત્તિ જ છેદાઈ ગઈ છે—એવી બ્રહ્મચર્ય-પડિમાવાળાની દશા છે. જુઓ, અહીં તો ઉત્કૃષ્ટ વાત લીધી એટલે શ્રાવકને પણ નવકોટિએ ત્યાગની વાત લીધી છે. નિરતિચારપણે નવકોટિથી ત્યાગ તો મુનિવરોને હોય છે.

[ ક્રમશઃ ]

---

* પ્રભુ ! તું રાગમાં વિમોહિત થઈને પર્યાયમાં અનેકપણારૂપ ભાવો પ્રગટ છે તે-રૂપ તને અનુભવી રહ્યો છે ને જેમાં અનંત અનંત શક્તિઓ અનંત સામર્થ્યવાળી છે એવા પ્રભુની સામે જોતો નથી. જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ તો એકરૂપ છે પણ તેને ભૂલીને, પ્રગટ પર્યાયમાં જે શુભાશુભભાવ છે તેને તું અનુભવી રહ્યો છે માટે રખડવું મટતું નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર ( ૧૯મી વખતનું ) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૧૫ થી ૮-૧૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી અષ્ટપાહુડ ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

* ધાર્મિક શિક્ષણવર્ગ:—નાતાલની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૩ થી ૨-૧-૯૪—દસ દિવસ સુધી અધ્યાત્મવિદ્યાધામ શ્રી સુવર્ણપુરીમાં અધ્યાત્મતત્ત્વપ્રધાન ધાર્મિક શિક્ષણ-વર્ગ સારી રીતે સમ્પન્ન થયો. ઉત્તમવર્ગમાં સવારે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ( સાતમા અધિકાર )ના નિશ્ચયનયાભાસીના વિષય ઉપર તથા બપોરે શ્રી સમયસારની છઠ્ઠી-સાતમી આદિ ગાથાઓ ઉપર અને મધ્યમવર્ગમાં સવારે શ્રી જૈનસિદ્ધાન્ત-પ્રશ્નોત્તરમાળા તથા બપોરે મોક્ષમાર્ગપ્રકાશકના ચોથા અધિકાર ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું. શિક્ષણવર્ગનો લાભ સ્થાનિક શિક્ષણાર્થીઓ ઉપરાંત નાઈરોબી, લન્ડન, બુલન્દશહર, અલીગઢ, દમોહ, જબેરા, જબલપુર તેમ જ અન્ય સ્થાનેથી પધારેલા મુમુક્ષુઓએ અધિક સંખ્યામાં લાભ લીધો હતો.

* શ્રી જેઠાલાલ દેવરાજ શાહ ભોજનખંડ :—માર્ગપ્રકાશક અનંત-ઉપકારી

સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબહેનની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં લાભ લેવા માટે આવનારા ગુજરાતી–હિન્દીભાષી મુમુક્ષુમહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુઓની સુવિધા માટે "શ્રી ખુશાલ જૈન અતિથિ સેવાસમિતિ"ના અંતર્ગત ભોજનાલયમાં, નાઈરોબી (કેન્યા) દિગમ્બર જૈન મુમુક્ષુ-મંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી જેઠાલાલભાઈ દેવરાજ શાહના નામથી એક વિશાળ ભવ્ય ભોજનખંડનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. આ નૂતન ભોજનખંડની ભવ્ય ઉદ્‌ઘાટનવિધિ તા. ૨૬–૧૨–૯૩ ને રવિવારના રોજ આપણા આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ તેમ જ સ્થાનિક તથા સમાગત મુમુક્ષુસમૂહની પ્રભાવક ઉપસ્થિતિમાં સાનંદ સમ્પન્ન થઈ હતી. આ ઉદ્‌ઘાટન-સમારોહમાં હાજરી આપવા નાઈરોબી તેમ જ લન્ડનથી લગભગ ૩૦ (શ્રી જેઠાલાલભાઈના સ્વજનો અને અન્ય) મુમુક્ષુ ભાઈ–બહેનો પધાર્યા હતા. આ ભોજનખંડના નિર્માણકાર્યમાં આર્થિક સહયોગ, સ્વ. શ્રી જેઠાલાલભાઈની પુણ્યસ્મૃતિ અર્થે તેમના ધર્મપત્ની શ્રી અમૃતબેન, સુપુત્રો શ્રી વિનોદભાઈ, ચંદ્રકાન્તભાઈ અને શરદભાઈ, નાનાભાઈ શ્રી હંસરાજભાઈ, તેમના ધર્મપત્ની શ્રીમતી લલિતાબેન અને તેમના પુત્રો ભરતભાઈ, મનીષભાઈ, કમલભાઈ તરફથી પ્રાપ્ત થયો હતો.

* શ્રી ઋષભદેવ–નિર્વાણકલ્યાણક-દિન તા. ૯–૨–૯૪, બુધવાર, પોષ વદ ચૌદશના રોજ આદિ–તીર્થપ્રવર્તક પરમ પૂજ્ય ૧૦૦૮ શ્રી આદિનાથ ભગવાનના વીતરાગભાવવાહી વિશાલ જિનબિંબ સમક્ષ (પંચમેરુ-નન્દીશ્વર જિનાલયમાં) પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

—*—

## □ બધા જીવો પરમાત્મસ્વરૂપ છે □

* ત્રણે કાળ ને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. પરમાત્મ-સ્વરૂપ બધા જીવો છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે. આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન–જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન–વચન–કાયાથી ને કૃત–કારિત –અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે કે અંતર પાડ્યા વિના આ ભાવના કરવા લાયક કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# 卐 ટ્રસ્ટની નવનિર્માણાધીન આવાસ-યોજના 卐

આત્મધર્મ વિશેષાંક ( ઓગસ્ટ–સપ્ટેમ્બર '૯૩ )માં ઉપર્યુક્ત યોજના સંબંધી જે જાહેરાત આપવામાં આવી હતી તેના અનુસંધાનમાં જણાવવાનું કે ઉક્ત યોજનાનો નકશો તૈયાર કરાવવામાં આવ્યો છે તેમ જ તે સંબંધી વિવરણ અને નિયમ નીચે જણાવ્યાનુસાર છે :—

## * યોજના–વિવરણ *

( ૧ ) યોજના-સ્થળ : શ્રી ખુશાલ જૈન અતિથિ સેવાસમિતિ ( સોનગઢ )ની ટ્રસ્ટની ખુલ્લી જગ્યા.

( ૨ ) આવાસ ( BLOCK ) : ભોંયતળિયું, પ્રથમ માળ અને બીજા માળે બ્લોક બનાવવામાં આવશે. બ્લોકનું ક્ષેત્રફળ અંદાજે ૩૮૫ ચો. ફુટ ( BUILD–UP ) રહેશે.

—તેમાં, એક રૂમ : ૧૨' × ૧૫' રસોડું : ૮'. ૩" × ૬'

બાથરૂમ : ૬' × ૪'. ૩" શૌચાલય : ૪' × ૩'. ૮" પેસેજ : ૬' × ૪'

તથા સીઢીની સાથે બ્લોકનું કુલ ક્ષેત્રફળ : ૩૮૫ ચો. ફુટ. આવા ચાર બ્લોક પ્રત્યેક માળ પર રહેશે અને ચાર બ્લોકની વચ્ચે એક સીઢી રહેશે.

## * યોજના-નિયમ *

જે મુમુક્ષુ-મહાનુભાવ આ નવનિર્મિત આવાસ લેવા ઇચ્છતા હોય તેના માટે બે પ્રકાર રાખવામાં આવ્યા છે.

( ૧ ) એક વર્ષમાં આ આવાસનો ઉપયોગ વધુમાં વધુ ત્રણ માસ સુધી કરી શકશે અને તે નિયમ અનુસાર રૂા. ૬૧,૦૦૦/– સંસ્થાને આપવાના રહેશે. આ આવાસ લેનારને તેનો સામાન રાખવા માટે રસોડું તેમને સોંપવામાં આવશે જેમાં તેઓ પોતાનો સામાન તેમની પોતાની જવાબદારીથી રાખી શકશે. તેમ જ તે સિવાયનો બાકીનો બ્લોક ( રૂમ, બાથરૂમ, શૌચાલય ) સંસ્થાને સોંપવાનો રહેશે, જેથી સંસ્થા અન્ય મુમુક્ષુ-મહેમાનોને રહેવા માટે આ બ્લોકનો ઉપયોગ કરી શકે.

( ૨ ) જો બ્લોકનો ઉપયોગ કાયમી કરવા ઇચ્છતા હોય તો બ્લોકની લાગત-કિંમત લગભગ રૂપિયા એક લાખ થવાની સંભાવના છે તે પૂરી રકમ આપવાની રહેશે. આ નિયમ અનુસાર તેઓ પોતાના બ્લોકનો ઉપયોગ કાયમીરૂપે કરી શકશે.

( ૩ ) આવાસમાં સાથે આપવામાં આવનારી સુવિધા :—આવશ્યક મર્યાદિત ફર્નીચર જેવા કે બે પલંગ, બે ખુરશી, એક ટી-પોઈ ઇત્યાદિ તેમ જ 'વોશ-બેસીન', લાઇટ-ફિટીંગ, ટાઇલ્સ, દિવાલમાં એક કબાટ આદિ સુવિધા આપવામાં આવશે.

(૪) રકમ ચૂકવણીના હપ્તા :—અરજીપત્રની સાથે રૂા. ૨૫,૦૦૦/- તથા તથા બાકીની રકમ બે હપ્તાથી ચૂકવવાના રહેશે.

(૫) ઉપર્યુક્ત આવાસનો નકશો-PLAN, તેનું વિવરણ તથા અરજીપત્ર ટ્રસ્ટ પાસે મંગાવવાથી મોકલવામાં આવશે. ડિપોઝીટની રકમ તેમ જ અરજીપત્ર તા. ૩૧-૩-૯૪ સુધી મોકલી આપવાના રહેશે. વધુ જાણકારી માટે રૂબરૂ સંપર્ક સાધવો અથવા પત્ર લખવો. નિર્માણકાર્ય શરૂ થયા બાદ છ માસમાં પૂરું થવાની સંભાવના છે. આવા ૨૪ આવાસની યોજના છે. તેથી "વહેલો તે પહેલો" એ ધોરણે અરજીપત્રની સ્વીકૃતિ આપવામાં આવશે.

તા. ૧-૧-૯૪
સોનગઢ-૩૬૪ ૨૫૦ —શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ
(સૌરાષ્ટ્ર) પ્રમુખ—હસમુખલાલ પોપટલાલ વોરા

## વૈરાગ્ય સમાચાર :—

* ઝરીયાવાળા શ્રી શાંતિલાલ ઉમીયાશંકર મહેતા (વર્ષ-૭૯) તા. ૨૯-૮-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી છબલબેન પુરુષોત્તમ કામદાર (વર્ષ-૮૦) (તે શ્રી સવાઈલાલ પ્રેમચંદ ડગલીના સાસુ) તા. ૬-૧૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચુડાનિવાસી (હાલ-વાલકેશ્વર) શ્રી ઇન્દુમતીબેન રમણીકલાલ ગોસળીયા (તે શ્રી ચીમનલાલ મોહનલાલ ગોસળીયાના ભાઈના ધર્મપત્ની) (વર્ષ-૫૮ લગભગ) તા. ૧૧-૧૦-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી સુભદ્રાબેન અમૃતલાલ સંઘવી તા. ૨૦-૧૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાગપુરનિવાસી શ્રી નવનીતભાઈ નંદલાલ શાહ (તે શ્રી પ્રતાપરાયના ભાઈ) (વર્ષ-૫૫ લગભગ) તા. ૨૪-૧૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી (હાલ-મુંબઈ) શ્રી ગિરધરલાલ અમુલખ ખારા (વર્ષ-૮૮) તા. ૩૦-૧૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી ચંપાબાઈ જયંતિલાલ માવાણી (વર્ષ-૮૨) તા. ૨૭-૧૨-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણામાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

## પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-રેકોર્ડ થયેલાં આધ્યાત્મિક પ્રવચનોની વિગત :—

| શાસ્ત્ર | કુલ પ્રવચનો | નોંધ |
|---|---|---|
| ૧. શ્રી સમયસાર | ૩૩૦૨ | ૧૯મી વખતના ૫૫૧ પ્રવચનો |
| ૨. શ્રી પ્રવચનસાર | ૯૭૩ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૬૦ પ્રવચનો |
| ૩. શ્રી નિયમસાર | ૧૪૩૦ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૨૦ પ્રવચનો |
| ૪. શ્રી પંચાસ્તિકાય | ૧૦૫ | છેલ્લી વખતના ૭૭ પ્રવચનો |
| ૫. શ્રી અષ્ટપાહુડ | ૪૦૨ | છેલ્લી વખતના ૨૦૬ પ્રવચનો |
| ૬. શ્રી બહેનશ્રીનાં વચનામૃત | ૨૩૧ | સળંગ ૧૮૧ પ્રવચનો |
| ૭. શ્રી સમયસાર કળશટીકા | ૧૦૫૫ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૩૨૫ પ્રવચનો |
| ૮. શ્રી પરમાત્મપ્રકાશ | ૩૮૧ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૧૬ પ્રવચનો |
| ૯. શ્રી સમયસાર નાટક | ૬૦૦ | એક જ વખત (૧૯૭૧)ના પ્રવચનો |
| ૧૦. શ્રી છહાળા | ૫૦ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૧. શ્રી ઇષ્ટોપદેશ | ૫૫ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૨. શ્રી યોગસાર | ૪૫ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૩. શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય | ૮૯ | એક જ વખત (૧૯૬૭)ના પ્રવચનો |
| ૧૪. શ્રી સમાધિતંત્ર | ૧૧૫ | એક જ વખત (૧૯૭૫)ના પ્રવચનો |
| ૧૫. શ્રી વિષાપહાર સ્તોત્ર | ૭ | એક જ વખત (૧૯૬૨)ના પ્રવચનો |
| ૧૬. શ્રી પદ્મનંદિપંચવિંશતિ | ૧૩ | શ્રાવકાચાર, દેશવ્રતોદ્યોતન, આલોચના અધિકાર ઉપરના ૧૯૬૧ના પ્રવચનો |

કુલ ૮૪૫૩ પ્રવચનો; એક વખતના કુલ પ્રવચનો : ૨૬૧૦

તદુપરાંત,

* પૂજ્ય ગુરુદેવશ્રીના વૈરાગ્યભીના મધુર કંઠે ગવાયેલી છ-ઢાળા તેમ જ જિનેન્દ્રભક્તિની ૧-૧ કેસેટ;

* પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિભિન્ન પ્રસંગોની તત્ત્વચર્ચાની ૮ કેસેટ અને ભક્તિની ૪ કેસેટ;

* આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલ પ્રતિક્રમણની ૧-કેસેટ અને સ્વ.ધ્યાયન્સુધાની ૧-કેસેટ.

✻ કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા પણ એના ટીકાકાર પોકાર કરે છે—ટીકાકાર કહે છે કે અરે! અમે જેને કીધું એ શ્રોતા આ પોકાર કરે છે કે અમે મોહને મૂળથી ઉખેડી નાખ્યો હોવાથી મોહનો અંકુર પણ હવે ફરીથી ઉત્પન્ન થવાનો નથી. આહાહા! શ્રોતા ક્યાં ભગવાન પાસે ગયા છે?—કે એ નિજ ભગવાન પાસે ગયો છે ને! તેથી પડવાની વાત મારે માટે નથી. શાસ્ત્રમાં પડવાની વાત આવે છે પણ એ તો જાણવા માટે છે, મારા માટે એ વાત નથી. આહાહા! જેણે શુદ્ધ દ્રવ્યનો આશ્રય લીધો ને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા તેને પડવાની વાત હવે નથી!

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૬/-

A ૬૪૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, ની. એડ. કોલેજ,
સણોસરા–૩૬૪૨૩૦